ગાંધીનગર સમાચાર

# 'ત્રિદલ'ની જુલાઈ માસની બેઠક આજે નમન એપાર્ટમેન્ટમાં મળશે

ગાંધીનગર, તા. ૨૮

શિક્ષણ, સાહિત્ય અને સમાજનો સહજ સમન્વય ઝંખતી સંસ્થા ત્રિદલની જુલાઈ માસની બેઠક તા. ૨૯ ને રવિવારના રોજ નમન ઍપાર્ટમૅન્ટ, મહારાષ્ટ્ર ભવન સામે, સૅક્ટર-૨૧ ખાતે સાંજે પાંચ કલાકે યોજવામાં આવી છે. આ બેઠકમાં 'વિખરાતો સમાજ અને તૂટતા સંબંધો' વિષયે વાર્તાલાપ થશે. રસ ધરાવતા સૌ સભ્યો, ભાવકો, સર્જકોને ઉપસ્થિત રહેવા સંસ્થા તરફથી નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## જન્મદિને વધામણી



એન પી પટેલ
મેનેજિંગ ડિરેક્ટર
વેસ્ટર્ન એગ્રી સીડ્સ
પ્રમુખ, કલાગુર્જરી
મો. ૯૯૨૫૦ ૩૨૬૧૮



ઉર્પલ રામભાઈ જોષી
મો. ૯૮૯૮૧ ૧૦૬૫૪

# રેડિયન્ટ સ્કૂલમાં રસીકરણ કાર્યક્રમ




રેડિયન્ટ સ્કૂલ ઑફ સાયન્સ, સરગાસણ ખાતે ઓરી-રૂબેલા રસીકરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વાલીઓએ આ ઉપક્રમ માટે પૂર્ણ સહયોગ આપ્યો હતો. શાળાના મેનેજિંગ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જી ટી શનિયાર અને કૅમ્પસ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જે બી વામજાએ તબીબ ટીમ અને સરકાર પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

# શાળાઓ - મહાશાળાઓમાં ગુરુપૂર્ણિમાની ઉત્સાહી ઉજવણી

## ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ



વિદ્યાર્થી ગર્વ ઠક્કર, આસ્થા, સાક્ષી ગજ્જર અને તેજસ્વીની ગામીત દ્વારા ગુરુનું મહત્ત્વ ઉજાગર કરતાં વક્તવ્યો આપવામાં આવ્યાં હતાં. આચાર્ય ડૉ. પ્રદીપ ગગલાણી, ડિરેક્ટર શૈલેષ પંડ્યા અને શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને આશીર્વચન પાઠવવામાં આવ્યા હતા. કાર્યક્રમનું આયોજન શિક્ષક તુષારકુમારના માર્ગદર્શન તળે વિદ્યાર્થીઓ દ્વારા કરાયું હતું.

## આદર્શ નિવાસી કન્યા શાળા



ગુરુપૂર્ણિમા નિમિત્તે ગણવેશ વિતરણ તથા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વિદ્યાર્થીનીઓએ ગુરુનો મહિમા ગાતાં ગીતો અને વક્તવ્યો આપ્યાં હતાં. નાયબ નિયામક નયનાબેન આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતાં. આચાર્ય જે એસ રાવલ અને હંસાબેને ગુરુપૂર્ણિમાનું મહત્ત્વ સમજાવ્યું હતું. કાર્યક્રમ સંચાલન અમીતાબેન પરમાર અને આભારવિધિ રંજનાબેન ગુપ્તાએ કરી હતી.

## ફેકલ્ટી ઓફ એજ્યુકેશન, કેએસવી



તાલીમાર્થીઓએ ગુરુનાં મહત્ત્વ, ગુરુના પ્રકાર, પ્રાચીન સમયના ગુરુઓ અને તેમના શિષ્યોની ભાવનાઓ વિશે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા અને ભજન, ધૂન, સુવિચારની પણ સુંદર રજૂઆત કરી હતી.

## આદર્શ નિવાસી કુમાર શાળા



રવિ રમણભાઈ પરમાર, વિવેક દિનેશભાઈ ચાવડા, નીતિન ડાહ્યાભાઈ પાચલ અને જયપાલ મનજીભાઈ ચાવડા દ્વારા ગુરુ પ્રત્યેની ભાવવંદના ભજન દ્વારા રજૂ કરવામાં આવી હતી. કરણ મહેશભાઈ પરમાર, સુનિલ ખીમજીભાઈ વોરા, મેહુલ દલસુખભાઈ રાઠોડ, મનોજ નરોત્તમભાઈ ડોરિયા અને મદદનીશ શિક્ષક ડી એ પટેલે ગુરુ પ્રત્યેની કૃતજ્ઞતા શબ્દોના માધ્યમથી વ્યક્ત કરી હતી. આચાર્ય જી કે સોલંકીએ આશીર્વચનો પાઠવ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન દર્શન બાબુભાઈ રણાવાસિયા અને પ્રતીક પ્રવીણભાઈ ચાવડાએ કર્યું હતુ. કાર્યક્રમ સંકલન અને આયોજન મદદનીશ શિક્ષક ટી સી બ્રહ્મભટ્ટે અને આભારવિધિ ભરત દેસાભાઈ સોલંકીએ કરી હતી.

## શ્રી જે બી પ્રાથમિક શાળા

વિદ્યાર્થીઓ અને શિક્ષકોના સહિયારા પ્રયાસથી ગુરુપૂર્ણિમા શાળામાં ઉજવાઈ હતી. આચાર્ય નીવાબેન પટેલે વિદ્યાર્થીઓને આશીર્વાદ પાઠવી તેઓ સુરક્ષિત રરી જીવનમાં પ્રગતિ કરી શકે તેવી ભાવના વ્યક્ત કરી હતી. વિદ્યાર્થીઓએ ઉજવણીના ભાગરૂપે ગુરુ-શિષ્ટના અતૂટ પ્રેમને વ્યક્ત કરતાં ગીતો અને વક્તવ્યો રજૂ કર્યાં હતાં.

### ગાંધીનગરની નવગુજરાત કૉમર્સ કૉલેજ ખાતે

# એવીએશન કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૨૮

નવગુજરાત કૉમર્સ કૉલેજ, સૅક્ટર-૨૮ ખાતે સ્પાઈસ ઍર ઍકેડેમી, અમદાવાદ દ્વારા એવીએશન ક્ષેત્રે ઉજ્જવળ કારકિર્દી બનાવવા હેતુ વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઍકેડેમીના હેડ નીકેત આચાર્યના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓને એવીએશન ક્ષેત્રે સાચી સમજ અને યોગ્ય દિશા આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓના ઉત્સાહપૂર્વકના પ્રતિસાદે આ કાર્યક્રમને સફળતા અપાવી હતી.

# શ્રી જયપ્રકાશ વિદ્યાલયમાં ઓરી-રૂબેલા રસીકરણ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૮

શ્રી જયપ્રકાશ વિદ્યાલય ખાતે ઓરી-રૂબેલા રસી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. શિક્ષકો અને સંચાલક દક્ષાબેન સુથાર દ્વારા બાળકોને નાસ્તો આપવામાં આવ્યો હતો. શરદભાઈ પટેલ અને અરૂણભાઈ પટેલે સમગ્ર કાર્યક્રમના સંયોજક તરીકે સક્રિય કામગીરી બજાવી હતી. સુપરવાઈઝર ઉર્વશીબેન પટેલ અને હિનાબેન નિનામાએ ટીમ સાથે સતત પ્રોત્સાહક વાતાવરણરાખી બાળકોનો ડર દૂર કર્યો હતો. આચાર્ય રાકેશભાઈ ઉપાધ્યાયે બાળકોને આ રસી અપાવવા માટે વાલીઓને પ્રોત્સાહિત કર્યા હતા.



## શ્રી જે એમ ચૌધરી સાર્વ. કન્યા વિદ્યાલય ખાતે રસીકરણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૮

શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય, સૅક્ટર-૭ ખાતે ઓરી-રૂબેલા રસીકરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અર્બન હેલ્થ સેન્ટર, સેક્ટર-૨નાં ડૉ. પૂજા ખત્રી, ડૉ. યેશા ટેલર, સેજલબેન, કોકિલાબેન, ચંદ્રિકાબેન દ્વારા આ કાર્યક્રમ અંતર્ગત બાળકોને રસી આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન આચાર્ય પ્રવીણાબેન ચૌધરીના માર્ગદર્શન તળે સુધાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# મહાત્મા ગાંધી વિદ્યાલયમાં કારકિર્દી માર્ગદર્શન સૅમિનાર



મહાત્મા ગાંધી વિદ્યાલય ખાતે બીસીએ કૉલેજનાં અધ્યાપક પ્રૉ. જૈમિની કુલકર્ણી અને પ્રૉ. શ્વેતા વ્યાસ દ્વારા કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ-૧૨ પછી વિવિધ શ્રેણીમાં ઉચ્ચ અભ્યાસની કેટલી તકો રહેલી છે તેની વિગતે માહિતી તેમણે વિદ્યાર્થીઓને પૂરી પાડી હતી.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍમ બી પટેલ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ દ્વારા ઈન્ટર્નલ ક્વૉલિટી એશ્યોરન્સ સૅલ કાર્યક્રમનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું.

ઉપસ્થિત વાલીઓને આચાર્ય અર્પિત ક્રિશ્ચિયન દ્વારા શાળાના સમગ્ર વાર્ષિક કાર્યક્રમો અને સફળતા વિશે માહિતી પૂરી પાડવામાં આવી હતી. શરૂઆતમાં સુપરવાઈઝર મોનીકા બિજલાની દ્વારા સ્વાગત પ્રવચન કરાયું હતું. સેજલ પરમાર અને સ્નેહા મોસ દ્વારા પ્રેઝન્ટેશન દર્શાવવામાં આવ્યું હતું. સુપરવાઈઝર યોગેન્દ્રસિંહ ચૌહાણ અને નદીમ મેમણ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઊઠાવવામાં આવી હતી.

આ પ્રસંગે અતિથિતરીકે શિક્ષણ વિભાગના ઍડમિનીસ્ટ્રેટીવ ઑફિસર ડૉ. નેન્સી ગુપ્તે ઉપસ્થિત રહ્યાં હતાં. સુપરવાઈઝર સુપર્ણા મુખર્જી દ્વારા આભાર દર્શન કરવામાં આવ્યું હતું.

# શાળાઓ - મહાશાળાઓમાં ગુરુપૂર્ણિમાની ઉત્સાહી ઉજવણી

## પ્રેરણા વિદ્યાલય



શાળામાં ગુરુનાં મહત્ત્વ વિષયે વક્તૃત્વ સ્પર્ધા તથા સમૂહગીત સ્પર્ધા યોજાઈ હતી. શિક્ષક પારુલબા રાઠોડ અને નીલમબેન પટેલે નિર્ણાયક તરીકેની ભૂમિકા અદા કરી હતી. વક્તૃત્વ સ્પર્ધામાં અનુક્રમે જ્યોત્સ્ના ભરવાડ, દિયા સોનારા, ધૃતિ રાવલ અને સમૂહગીત સ્પર્ધામાં અનુક્રમે નિધિ-સરોજ-માનસી તથા હર્ષદ-જીનલ-શિવાંગીનું જૂથ વિજેતા બન્યું હતું. ટ્રસ્ટી નરેશભાઈ શાહ તથા આચાર્ય મનીષભાઈ ખત્રીએ વિજેતા વિદ્યાર્થીઓને ઈનામો આપીને બિરદાવ્યા હતા.

## શ્રી વી એમ પટેલ કુમાર અને શ્રીમતી એચ વી પટેલ કન્યા બાલમંદિર



શિક્ષકો દ્વારા બાળકોને ગુરુનાં મહત્ત્વ વિશે સમજ આપવામાં આવી હતી અને બાળકોએ પોતાનાં દાદા-દાદીનું પૂજન કર્યું હતું.

## શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલય



અતિથિ તરીકે ઉપસ્થિત શંકરભાઈ ચૌધરી અને આચાર્ય મીનાબેન ચૌધરીએ બાળકોને ગુરુનું મહત્ત્વ સમજાવતાં વક્તવ્યો આપ્યાં હતાં. આ ઉપરાંત વિદ્યાર્થિની આશા આર પ્રજાપતિ અને પ્રિયાંશી ડી પટેલ દ્વારા પણ ગુરુનું મહત્ત્વ ઉજાગર કરતાં વક્તવ્યો આપવામાં આવ્યાં હતાં. કાર્યક્રમનું આયોજન ઉષાબેન-ભાવનાબેન-હંસાબેન ચૌધરી દ્વારા કરાયું હતું.

## શ્રી સ્વામીનારાયણ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી



દરેક બ્રાન્ચ અને સેમેસ્ટરના વિદ્યાર્થીએ ગુરુ વંદના અને ગુરુની વિશેષતા અંગે વક્તવ્ય આપ્યું હતું, જેમને સંસ્થા તરફથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ડિરેક્ટર ધર્મેશ વંડરા અને પ્રિન્સિપાલ ડૉ. હિતેશ વંડરા દ્વારા પ્રાસંગિક પ્રવચન અપાયું હતું. માય ગુરુ માય આઈડિયલ વિષયે નિબંધ લેખન, વક્તૃત્વ સ્પર્ધા અને કાર્ડ મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરાયાં હતાં.

## શેઠ એચ એમ સાર્વજનિક સ્કૂલ, સોજા



પૂર્વ પ્રાથમિક, ઉચ્ચતર પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓએ ગુરુજનોનું મહિમાગાન કર્યુંહતું. શિક્ષક ગણપતભાઈ ગોહિલ ઉપરાંત અન્ય સારસ્વતોએ પણ ગુરુ વિષયે વક્તવ્ય આપ્યું હતું. સરસ્વતી સાધના સાઈકલ યોજના અંતર્ગત શાળાના ધોરણ-૯માં અભ્યાસ કરતી ૭૭ જેટલી વિદ્યાર્થિનીઓને આચાર્ય ભાવેશભાઈ જોષી, શિક્ષકોના હસ્તે સાઈકલ અર્પણ કરવામાં આવી હતી.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી

વિદ્યાર્થીઓએ ગુરુ પ્રત્યેની લાગણી વક્તવ્ય, ગીત, ભજન દ્વારા વ્યક્ત કરી હતી. અધ્યાપક ધર્માંશુભાઈ વૈદ્યે ભારતીય પરિપ્રેક્ષ્યમાં ગુરુનો મહિમા ગાયો હતો. કાર્યક્રમનું સંચાલન આસી. પ્રૉફેસર ડૉ. રૂપમબહેન ઉપાધ્યાયે અને સંકલન ડૉ. મીનળબેન જાડેજાએ કર્યું હતું.